# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-02-2025 Day: Monday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## વકફ સંસોધન વિધેયક રિપોર્ટ

વકફ (સંશોધન) વિધેયકની સમીક્ષા માટે રચાયેલી સંસદની સંયુક્ત સમિતિ જેપીસીનો રિપોર્ટ આજે લોકસભામાં રજૂ કરવામાં આવશે. સમિતિના અધ્યક્ષ જગદંબીકા પાલ અને સભ્ય સંજય જયસ્વાલ લોકસભામાં આજે રિપોર્ટ રજૂ કરશે. સમિતિએ ગુરુવારે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને રિપોર્ટ સોંપી દીધો હતો.

**-----------------------------------------------------------------------------------------**

## પ્રધાનમંત્રી : ઇન્ડોનેશિયા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત અને ઇન્ડોનેશિયાના સંબંધો ફક્ત ભૂ-રાજકીય જ નથી પરંતુ હજારો વર્ષો જૂના છે. ઇન્ડોનેશિયાના જકાર્તામાં શ્રી સનાતન ધર્મ આલયમના મહાકુંભભિષેગમ દરમિયાન શ્રીમોદીએ કહ્યું કે જ્યારે પણ કોઈ ભારતીય ઇન્ડોનેશિયાના પ્રમ્બાનન જેવા મંદિરોની મુલાકાત લે છે, ત્યારે તેમને કાશી અને કેદારનાથની યાદ આવે છે.

**-----------------------------------------------------------------------------------------**

## મુખ્યમંત્રી : નવસારી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળશક્તિમંત્રી સી આર પાટિલ ગઇકાલે નવસારીની કરાડી રાષ્ટ્રીય શાળાના શતાબ્દી મહોત્સવમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે દાંડી નમક સત્યાગ્રહને કારણે કરાડી ગામ ઇતિહાસમાં અમર થઈ ગયું છે. દેશના ઐતિહાસિક વારસા સમાન દાંડીની વિશ્વના લોકો મુલાકાત લે છે. અને તેનો ગૌરવ  કરે તે માટે પ્રધાનમંત્રીએ દાંડી મેમોરિયલનો વિકાસ કર્યો છે.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિમંત્રી સી આર પાટિલે “ધનસંપતિની જેમ જળસંચય કરો” નો અનુરોધ કર્યો હતો.

---------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : વલસાડ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે વલસાડ ખાતે ૧૮૮ બેડની મલ્ટી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ વલસાડ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (**VIMS)**નું લોકાર્પણ કર્યું. આ સમારોહમાં નાણાંમંત્રી કનુ દેસાઈ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------

## સંસ્કૃતિ મંત્રાલય : ‘હર કંઠ મેં ભારત’

સંસ્કૃતિ મંત્રાલયે આકાશવાણી સાથે મળીને ગઇકાલથી નવી દિલ્હીના આકાશવાણી ભવન ખાતે એક ખાસ શાસ્ત્રીય સંગીત કાર્યક્રમ 'હર કંઠ મેં ભારત' શરૂ કર્યો. આ કાર્યક્રમનું આજથી 16 ફેબ્રુઆરી સુધી દરરોજ સવારે સાડા નવથી થી 10 વાગ્યા સુધી 21 આકાશવાણી કેન્દ્રો પરથી જીવંત પ્રસારણ કરાશે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન સંસ્કૃતિ મંત્રાલયના સચિવ અરુણિશ ચાવલા અને પ્રસાર ભારતીના સીઈઓ ગૌરવ દ્વિવેદીએ કર્યું હતું.

---------------------------------------------------------------------------------

## સર્વોચ્ચ અદાલત : પ્રયાગ મહાકુંભ

પ્રયાગ મહાકુંભમાં વસંતપંચમી પર્વ અમૃતસ્નાન નિમિત્તે લાખો શ્રદ્ધાળુઓએ સંગમમાં પવિત્ર સ્નાન કર્યું હતું. દરમિયાન સર્વોચ્ચ અદાલત આજે મહાકુંભમાં શ્રદ્ધાળુઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ માર્ગદર્શિકા અને નિયમો લાગુ કરવા અંગેની જાહેર હિતની અરજી પર સુનાવણી કરશે. અદાલતની યાદી અનુસાર, મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની ખંડપીઠ આ અરજી પર સુનાવણી કરશે. ઉલ્લેખનીય છે કે ગત બુધવારે મહાકુંભમાં થયેલી નાસભાગમાં ઓછામાં ઓછા 30 લોકોના મોત અને કેટલાક ઇજાગ્રસ્ત થયા હતા.

-----------------------------------------------------------------------------------------

## રાજ્ય : ST દ્વારા કુંભ માટે વોલ્વો

રાજ્યના શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની પવિત્ર સ્નાન કરી શકે તે માટે રાજ્ય સરકારે આવતીકાલ ચોથી ફેબ્રુઆરીથી પાંચ નવીન વોલ્વો બસ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ નવીન સેવાઓનો લાભ લેવા શ્રદ્ધાળુઓ આજથી એસ.ટી નિગમની વેબસાઈટ **www.gsrtc.in** પરથી સાંજે ૫ વાગ્યા પછી ઓનલાઈન બુકિંગ કરાવી શકશે.

-----------------------------------------------------------------------------------------

## કચ્છ : માંડવી : અંદાજપત્ર

માંડવી નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક વિશાલભાઈ ઠકકરના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં વિવિધ વિકાસના કામો અંગે ચર્ચા વિચારણા કરી મંજુર કરવામાં આવ્યા. વર્ષ 2025-26 માટે માંડવી નગરપાલિકા દ્વારા 45 કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજુ કરીને બહાલી આપવામાં આવી હતી.

-----------------------------------------------------------------------------------------

## કચ્છ : હવામાન

કચ્છમાં છેલ્લા કેટલાક દિવસોથી વિષમ વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી બેથી ત્રણ દિવસમાં લઘુતમ પારો બેથી ત્રણ ડિગ્રી ગગડવાની આગાહી કરતાં જિલ્લામાં ઠંડીનો માહોલ પુનઃ જામે તેવી સંભાવના વ્યક્ત કરી છે. નલિયામાં 8.8, તો ભુજ અને કંડલા (એ.)માં 13.4 ડિગ્રી લઘુતમ તાપમાન જ્યારે મહત્તમ તાપમાન 28થી 30 ડિગ્રી વચ્ચે રહેતાં વાતાવરણમાં વિષમતા જળવાયેલી રહી હતી.

-----------------------------------------------------------------------------------------

## ક્રિકેટ-1 ICC V19 મહિલા T20

ભારતે પાંચમી T20 મેચમાં ઇંગ્લેન્ડને 150 રનના મોટા માર્જિનથી હરાવ્યું છે. ભારતે સિરીઝ પણ 4-1થી જીતી લીધી છે. ઇંગ્લેન્ડે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. અભિષેક શર્માની સદીની મદદથી ભારતે 9 વિકેટ ગુમાવીને 247 રન બનાવ્યા. જવાબમાં, ઇંગ્લિશ ટીમ 10.3 ઓવરમાં 97 રનમાં ઓલઆઉટ થઈ ગઈ.

-----------------------------------------------------------------------------------------

## ક્રિકેટ-2 ભારત-ઇંગ્લેન્ડ T20

ભારતે સતત બીજીવાર આઇસીસી અંડર-19 મહિલા ટી-20 વિશ્વકપ જીતી લીધો છે. કુઆલાલંપૂરમાં ગઇકાલે ફાઇનલ મુકાબલામાં ભારતે દક્ષિણ આફ્રિકાને 9 વિકેટથી હરાવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય ટીમને T20 વર્લ્ડ કપ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

-----------------------------------------------------------------------------------------